ઘટાડો નોંધાયો છે.

સમજો જીએસટીને

પરેશ કપાસી



# ચેકલિસ્ટ - ઇનવર્ડ સપ્લાય

જીએસટી ડીલરો, ઑડિટર્સ અને સલાહકારો માટે વાર્ષિક રિટર્ન અને રીકન્સિલિયેશનનાં ફન્ડામેન્ટલ્સ અને જટિલતાઓને સમજવું હિતાવહ છે. સરળ સંદર્ભ માટે રચાયેલ, એ GSTR-9/GSTR-9 સીની તૈયારી અને એનું અનુપાલન કરવામાં રજિસ્ટર્ડ વ્યક્તિઓ, વ્યાવસાયિકો અને ટેક્નિકલ નિષ્ણાતોને સહાય કરશે.

## શું કરવું જાણી લો...

૧. દરેક કાચા માલ, પૅકિંગ મટીરિયલ્સ, ઈંધણ, સ્ટોર્સ અને સ્પેર અને સર્વિસિસનો ઇનવર્ડ સપ્લાયને ખરીદી/સર્વિસ ઑર્ડર મારફત મેળવેલો હોય એવી કન્સલ્ટન્ટે તપાસ કરવી જોઈએ. ખરીદી ઑર્ડરના સ્તરેથી જ રજિસ્ટર્ડ વ્યક્તિ આવા ટ્રાન્ઝૅક્શન પરની આઇટીસીની પાત્રતા નક્કી કરવા માટે સક્ષમ છે. સીજીએસટી ઍક્ટ, ૨૦૧૭ની કલમ ૧૬(૨) અને સીજીએસટી નિયમો, ૨૦૧૭ના નિયમ ૩૬(૪)ની શરતો સાથે કમ્પોઝિટ સપ્લાય, મિક્સ્ડ સપ્લાય અને આઇટીસીનો લાભ લેવામાં આવ્યો હતો.

૨. કન્સલ્ટન્ટે એ તપાસ કરવી જોઈએ કે કલમ ૧૬(૨)(બી) અનુસાર માલ અને સેવાઓ પ્રાપ્ત કર્યા પછી આઇટીસીનો લાભ લેવામાં આવ્યો હતો.

3. સપ્લાયરે ઇનવર્ડ સપ્લાય તેમ જ ક્રેડિટ-નોટના માટે આપેલા મટીરિયલના આંશિક અથવા સંપૂર્ણ રિજેક્શન વખતે આવા રિજેક્શનને જો યોગ્ય રીતે હિસાબમાં લેવામાં આવ્યું હોય ત્યારે એનું યોગ્ય ડૉક્યુમેન્ટેશન થયેલું છે કે નહીં એ બાબત કન્સલ્ટન્ટે સુનિશ્ચિત કરવી જોઈએ.

૪. કન્સલ્ટન્ટે તપાસ કરવી જોઈએ કે ઓછી સામગ્રી પ્રાપ્ત કરાઈ હોય અને પ્રમાણસર આઇટીસી મેળવેલી હોય એવા કિસ્સામાં અકાઉન્ટિંગ માટેની યોગ્ય સિસ્ટમની ચકાસણી કરવી જોઈએ.

૫. સપ્લાયર્સ તરફથી પ્રાપ્ત મફત સૅમ્પલ્સના કિસ્સામાં આઇટીસીની લેવામાં ન આવી હોય એની પણ કન્સલ્ટન્ટે ખાતરી કરવી જોઈએ.

૬. કન્સલ્ટન્ટે ખાતરી કરવી જોઈએ કે આઇટીસીનો યોગ્ય દસ્તાવેજોના આધારે લાભ મેળવ્યો છે, જેવા કે માલ/સેવા પ્રાપ્ત કરવામાં આવી છે, એવી નોંધ સાથે સપ્લાયર્સ દ્વારા જારી કરવામાં આવેલી બિલ ઑફ એન્ટ્રી, ટૅક્સ ઇન્વૉઇસ, આઇએસડી ઇન્વૉઇસ, સેલ્ફ-ઇન્વૉઇસ અને ડેબિટ નોટ્સ.

૭. કન્સલ્ટન્ટે તપાસ કરવી જોઈએ કે સીજીએસટી નિયમો, ૨૦૧૭ના નિયમ ૫૬ અને નિયમ ૫૭ સાથે વાંચવામાં આવનાર સીજીએસટી ઍક્ટ, ૨૦૧૭ની કલમ ૩૫ હેઠળ સૂચવેલ રેકોર્ડ્સ/ઇલેક્ટ્રૉનિક રેકોર્ડ્સ જાળવવામાં આવે છે.

૮. કન્સલ્ટન્ટે સુનિશ્ચિત કરવું જોઈએ કે તમામ ઇનવર્ડ સપ્લાય ઇન્પુટ/ઇન્પુટ સર્વિસિસ અને કૅપિટલ ગુડ્સમાં વિભાજિત થવી જોઈએ.

૯. કન્સલ્ટન્ટે ખાતરી કરવી જોઈએ કે પહેલી જાન્યુઆરી, ૨૦૨૨થી તમામ ઇનવર્ડ સપ્લાય પર આઇટીસી જીએસટીઆર-૨Bમાં કરાયેલી એન્ટ્રીઓ પર આધારિત હશે.

૧૦. કન્સલ્ટન્ટે ખાતરી કરવી જોઈએ કે ઇનવર્ડ સપ્લાય માટે ઈ-વે બિલ પ્રાપ્ત થયું હતું અને એને નિયમનના સમયગાળા માટે ઇનવર્ડ સપ્લાય માટે જાળવવામાં આવ્યું હતું. જો આમ ન કરવામાં આવ્યું હોય તો એના માટે ડિપાર્ટમેન્ટ કાર્યવાહી કરી શકે છે/વિવાદ કરી શકે છે અને ડિપાર્ટમેન્ટ ચકાસણી માટે નોટિસ આપી શકે છે (એએસએમટી-૧૦).

૧૧. કન્સલ્ટન્ટે સીજીએસટી ઍક્ટ, ૨૦૧૭ની કલમ ૧૭(૫) હેઠળ બ્લૉક ક્રેડિટ હેઠળ આવે છે એ અંતર્ગત ઇનવર્ડ સપ્લાય વ્યવહારની તપાસ કરવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આવા ઇનવર્ડ સપ્લાય પર કોઈ આઇટીસીનો દાવો કરવામાં આવ્યો નહોતો.

૧૨. કન્સલ્ટન્ટે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે જે ઇનવર્ડ સપ્લાય માટે માલ અને જીએસટીના મૂલ્ય જેટલી ચુકવણી ૧૮૦ દિવસની અંદર કરવામાં આવી ન હોય ત્યારે સીજીએસટી નિયમો, ૨૦૧૭ના નિયમ ૩૭ હેઠળ ઇન્વૉઇસની તારીખથી આઇટીસી તેમ જ વ્યાજની રકમ સાથે ઊલટાવવામાં આવી છે કે નહીં. વ્યાજની ગણતરી આઇટીસી લીધી હોય એ તારીખથી અને આઇટીસીને ઊલટાવી હોય એ તારીખ સુધી કરવી જરૂરી છે. કન્સલ્ટન્ટે નિયમ ૩૭A મુજબ આઇટીસીને ઊલટાવી છે કે નહીં એ બાબતે પણ તપાસ કરવી જોઈએ, જ્યાં રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા આઇટીસી લેવામાં આવી હોય જેની વિગતો રિટર્નમાં ફૉર્મ જીએસટીઆર-૩Bમાં ટૅક્સ પિરિયડ માટે એવા ઇન્વૉઇસ અથવા ડેબિટ-નોટ સામે લેવામાં આવી હોય જેની વિગતો સપ્લાયરે જીએસટીઆર-૧માં આપી હોય અથવા આઇએફએફનો ઉપયોગ કરીને પરંતુ જીએસટીઆર-3B ટૅક્સ પિરિયડમાં આઉટવર્ડ સપ્લાયો માટેના એ જ સ્ટેટમેન્ટના સંદર્ભમાં નાણાકીય વર્ષના અંત પછી ૩૦ સપ્ટેમ્બર સુધી આવા સપ્લાયર દ્વારા રજૂ કરવામાં આવ્યા ન હોય.

ચેકલિસ્ટના બીજા મુદ્દાઓ આપણે આવતા લેખમાં જોઈશું.

લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો
feedback@mid-day.com

## સવાલ તમારા...

**અમેરિકામાં રહેતા ભારતીય એનઆરઈ એમના એનઆરઓ અકાઉન્ટમાં ફન્ડ ટ્રાન્સફર કરે છે. આ ફન્ડમાંની રકમ ભારતમાં રહેતા એમના પિતાને ભેટ તરીકે ટ્રાન્સફર કરે છે. હવે ભેટમાં મળેલી આ રકમમાંથી પિતા ભારતમાં પ્રૉપર્ટી ખરીદે છે અને થોડાક મહિનાઓ પછી પિતા આ પઑપર્ટી પેલા એનઆરઈની સગીર પુત્રીને ભેટમાં આપે છે.**

**કૃપા કરીને જણાવો કે આવો વ્યવહાર ભારતીય ઇન્કમ ટૅક્સ ઍક્ટ હેઠળ યોગ્ય ગણાશે કે નહીં અને આવી ભેટ માન્ય ગણાશે?**

આવા સંજોગોમાં નીચે પ્રમાણે ટૅક્સની અસર થશે.

૧. ભારતમાં એનઆરઈ અકાઉન્ટમાંથી એનઆરઓ અકાઉન્ટમાં ફન્ડ ટ્રાન્સફર : આવી ટ્રાન્સફર માટે પરવાનગી છે, કારણ કે એનઆરઆઈ દ્વારા વિદેશમાં કમાયેલા ફન્ડ્સના રીપાટ્રીએશન માટે જ એનઆરઈ રાખવામાં આવે છે. આવી ટ્રાન્સફર પર કોઈ જ ટૅક્સ લાગુ પડતો નથી.

૨. એનઆરઓ અકાઉન્ટમાંથી ભારતમાં રહેતા પિતાને ફન્ડ ટ્રાન્સફર : ઇન્કમ ટૅક્સ ઍક્ટ, ૧૯૬૧ હેઠળ આની મંજૂરી છે. આની પર કોઈ જ ટૅક્સ લાગુ પડતો નથી.

૩. પિતા દ્વારા ભેટ મળેલી રકમમાંથી પ્રૉપર્ટીની ખરીદી : ઇન્કમ ટૅક્સ ઍક્ટ, ૧૯૬૧ હેઠળ આની મંજૂરી છે. આની પર કોઈ જ ટૅક્સ લાગુ પડતો નથી.

૪. પિતા દ્વારા સગીર પુત્રીને પ્રૉપર્ટીની ભેટ : w

ઇન્કમ ટૅક્સ ઍક્ટ, ૧૯૬૧ના સેક્શન ૫૬(૨) હેઠળ આની મંજૂરી છે.

સંબંધીઓ દ્વારા મેળવવામાં આવતી ભેટો : સંબંધી દ્વારા મેળવવામાં આવતી ભેટ કરમુક્ત છે. સ્પાઉઝ, બાળકો, પૌત્ર-પૌત્રી, વાલીઓ, દાદા-દાદી, ભાઈ-બહેન સંબંધીઓની સૂચીમાં આવે છે.

ટૂંકમાં, ઉપરના કોઈ પણ ટ્રાન્ઝૅક્શનમાં કોઈ પણ ટૅક્સ લાગુ પડશે નહીં. જ્યારે સગીર પુત્રી પુખ્ત વયની થશે અને આ ભેટ મળેલી પ્રૉપર્ટીમાંથી આવક મેળવવાની શરૂ કરશે ત્યારે અથવા એ પ્રૉપર્ટીને નફો લઈને વેચશે ત્યારે જ તેને ટૅક્સ લાગુ પડશે.

જો તમારા ડાયરેક્ટ ટૅક્સને લગતા કોઈ સવાલ હોય તો સબ્જેક્ટમાં બિઝનેસ લખીને મોકલો askgmd@mid-day.com પર. મિડ-ડેના એક્સપર્ટ આપશે તમને ગાઇડન્સ.